આજની પ્રાર્થના....
અપની નિગાહ મેં હમે રખના, શીખે હમ નેક રાહ પર ચલના, તેરી પનાહમે હમે રખના, શીખે હમ નેક રાહ પર ચલના

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૩૦ | ૨૦ જુલાઈ, ૨૦૨૧, મંગળવાર; અષાઢ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# સંસદમાં ફોન હેકિંગ મુદ્દે હોબાળો

## રાહુલ-કેન્દ્રના મંત્રીઓના ફોન ટેપ કરાવ્યા : કોંગ્રેસ

### નાગરિકોના મૌલિક અધિકારોને દબાવવા, દેશની સુરક્ષા સાથે રમતનું કામ કેન્દ્રે કર્યું હોવાનો સુરજેવાલાનો દાવો



નવી દિલ્હી, તા.૧૯

કોંગ્રેસે જાસૂસી કાંડને લઈને કેંદ્ર સરકાર પર સોમવારે નિશાન સાધ્યું છે. કોંગ્રેસ પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ કહ્યું કે સરકારે રાહુલ ગાંધી સહિત પોતાના મંત્રીઓના ફોન ટેપ કરાવ્યા છે. તેમણે નાગરિકોના મૌલિક અધિકારીઓને દબાવવાનો કેંદ્ર સરકાર પર આરોપ લગાવતા કહ્યું કે કેંદ્રએ દેશની સુરક્ષા સાથે રમત કરવાનું કામ કર્યું છે. રણદીપ સુરજેવાલાએ આરોપ લગાવતા કહ્યું કે રાહુલ સહિત દેશના નેતાઓ, દેશના સન્માનિત અલગ-અલગ મીડિયા સંગઠનના પત્રકારો અને સંવૈધાનિક પદોની જાસૂસી કરવામાં આવી છે. એટલે ભારતીય જનતા પાર્ટીનું નામ બદલીને હવે ભારતીય જાસૂસ પાર્ટી રાખી દેવું જોઈએ. ફોન ટેપિંગ વિવાદ પર સંચાર મંત્રી અશ્વિની વૈષ્ણવે લોકસભામાં નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, ફોન ટેપિંગથી જાસૂસીના આરોપ ખોટા છે. અશ્વિની વૈષ્ણવે કહ્યું, લીક ડેટાને જાસૂસી સાથે કોઈ લેવા દેવા નથી.

અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, ડેટાથી સર્વિલાંસ થયું હોવાનું સાબિત થતું નથી. લીક થયેલા ડેટાને જાસૂસી સાથે કોઈ લેવા દેવા નથી. ફોન ટેપિંગને લઈ સરકારના પ્રોટોકોલ ખૂબ કડક છે અને ડેટાથી સાબિત થતું નથી કે સર્વિલાંસ કરવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા મુજબ ભારતમાં કેબિનેટ મંત્રી નિતિન ગડકરી, સ્મૃતિ ઈરાની, પ્રહ્લાદ પટેલના ફોન અને વોટ્સએપ ટેપ થયા હતા.

### ફોન ટેપિંગથી જાસૂસીના આરોપનું કેન્દ્ર દ્વારા ખંડન : પેગાસસના પ્રેસ રિપોર્ટના ટાઈમિંગ બાબતે સરકારે સવાલ ઊઠાવ્યા, સંસદના સત્ર અગાઉ રિપોર્ટ સંયોગ ન હોઈ શકે એવો કેન્દ્ર સરકારે કરેલો દાવો

નવી દિલ્હી, તા.૧૯

પેગાસસ ફોન હેકિંગ વિવાદ પર આશંકા મુજબ જ સોમવારે સંસદમાં ભારે હંગામો થયો. મામલાથી નારાજ વિપક્ષને લોકસભામાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે જવાબ આપ્યો. તેમણે આ અંગેના રિપોર્ટ પર આશંકા વ્યક્ત કરી. તેમણે કહ્યું કે, સંસદના ચોમાસું સત્રના એક દિવસ પહેલા પ્રેસ રિપોર્ટસનું આવવું સંયોગ ન હોઈ શકે.

હંગામા વચ્ચે વૈષ્ણવે કહ્યું કે,



રવિવારે રાત્રે એક વેબ પોર્ટલ પર ઘણી સનસની ઊભી કરતી સ્ટોરી આવી. આ સ્ટોરીમાં મોટા-મોટા આરોપ લગાવાયા. સંસદના ચોમાસું સત્રના એક દિવસ પહેલા પ્રેસ રિપોર્ટ સામે આવી. આ સંયોગ ન હોઈ શકે.

રવિવારે આંતરાષ્ટ્રીય મીડિયા તરફથી રિલીઝ રિપોર્ટમાં મોટો દાવો કરાયો. તેમાં કહેવાયું હતું કે, ઈઝરાયલના પેગાસસ સોફ્ટવેરની મદદથી ભારતમાં ઘણા નેતાઓ, પત્રકારો અન જાહેર જીવન સાથે જોડાયેલા લોકોના ફોન હેક કરાયા છે. રિપોર્ટમાં ૩૦૦ લોકોના ફોન હેક કરવાની વાત કરાઈ છે. આ આરોપોનું

● અનુસંધાન પાન-૭ પર

## જાસૂસીના આરોપ ફગાવતી સોફ્ટવેર કંપની એનએસઓ

### પેગાસસ પર પત્રકારો-વીઆઈપીની જાસૂસીનો આરોપ : ફોરબિડેન સ્ટોરિસ દ્વારા તૈયાર થયેલા રિપોર્ટના આધારે પ્રસિધ્ધ થયાલે અહેવાલ ખોટી ધારણાઓ પર આધારિત

નવી દિલ્હી, તા.૧૯

ઈઝરાયેલી ટેક કંપનીના જાસૂસી સોફ્ટવેર પેગાસસ દ્વારા દેશમાં પત્રકારો અને વિશિષ્ટ લોકોની જાસૂસીના મીડિયા રિપોર્ટને ભારત સરકારે ફગાવ્યો છે. ભારત સરકાર બાદ હવે પેગાસસ બનાવનારા એનએસઓ ગ્રુપે પણ પોતાના સોફ્ટવેર દવારા લોકોની નિગરાણી સંબંધિત ફાન્સના ફોરબિડેન સ્ટોરિસ રિપોર્ટને ફગાવ્યો છે. પોતાના વિસ્તૃત જવાબમાં એનએસઓ ગ્રુપે કહ્યું કે ફોરબિડેન સ્ટોરિસ દ્વારા તૈયાર થયેલા રિપોર્ટના હવાલાથી ભારત સહિત દુનિયાના અનેક મીડિયા હાઉસે જે ખબર પ્રસારિત કરી છે તે ખોટી ધારણાઓ પર અને અપુષ્ટ સિદ્ધાંતો પર તૈયાર કરાયેલા છે. જે સૂત્રોની વિશ્વસનીયતા પર ઊંડો શક પેદા કરે છે. આ સાથે જ રિપોર્ટ જોઈને એવું લાગે છે કે જાણે

● અનુસંધાન પાન-૭ પર

## સરકારનો જવાબ સાંભળવા પણ તૈયાર રહે વિપક્ષ :મોદી

### સંસદના ચોમાસુ સત્ર પહેલા બોલ્યા પ્રધાનમંત્રી




ન્યુ દિલ્હી,તા.૧૯

સંસદના ચોમાસૂ સત્રની આજથી શરૂઆત થઈ રહી છે. આ પહેલા સંસદના પરિસરમાં મીડિયા સાથે ચર્ચા કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સાંસદોને શાંતિ વ્યવસ્થા જાળવવા અપીલ કરી છે. તેમણે કહ્યું કે, "હું તમામ સાંસદોને આગ્રહ કરીશ કે તેઓ સતત પ્રશ્ન પૂછે, વારંવાર પ્રશ્ન પૂછે, પરંતુ શાંત વાતાવરણ રાખે. સરકારને પણ જવાબ આપવાનો પુરતો સમય આપે." પીએમ મોદીએ કહ્યું કે, દેશની જનતા જે જવાબ ઈચ્છે છે, એ જવાબ આપવાની સરકારની સંપૂર્ણ તૈયારી છે.

તેમણે કહ્યું કે, અંદરની વ્યવસ્થા પહેલાની માફક નથી. તમામ સાથે બેસીને કામ કરવાના છે, કેમકે લગભગ-લગભગ વેક્સિનેશન થઈ ગયું છે. આ સત્રમાં ફાઈનાન્સિયલ સહિત કુલ ૩૧ બિલ રજૂ કરવામાં આવી શકે છે. આ સત્ર ૧૩ ઑગષ્ટ સુધી ચાલવાનું છે. ચોમાસુ સત્રની શરૂઆતથી પહેલા પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે, મને આશા છે કે તમે બધાયે વેક્સિનનો પહેલો ડોઝ લગાવી દીધો હશે. ત્યારબાદ પણ આપણે કોવિડ પ્રોટોકોલનું પાલન કરવાનું રહેશે.

પીએમે કહ્યું કે, કોરોનાની રસી બાહુ (ખભો) પર લાગે છે. આવામાં અત્યાર સુધી ૪૦ કરોડથી વધારે લોકો બાહુબલી બની ચુક્યા છે, પરંતુ આપણે કોવિડ નિયમોનું પણ પાલન કરવાનું છે.

## ભારે વરસાદ બાદ દિલ્હી, મુંબઈની હાલત બેહાલ

### રાજ્યોમાં ભારે થી અતિ ભારે વરસાદની આગાહી





ન્યુ દિલ્હી,તા.૧૯

ભારે વરસાદ બાદ દિલ્હી અને મુંબઈના હાલ બેહાલ થઈ ગયા છે. ઠેર ઠેર પાણી ભરાઈ ગયા છે. મૂશળધાર વરસાદના કારણે મુંબઈમાં રેલવે સેવા પણ પ્રભાવિત થઈ છે. જ્યારે ઉત્તરાખંડમાં વરસાદ કહેર બનીને તૂટી પડ્યો છે. જ્યારે ઉત્તરકાશી જિલ્લામાં વાદળ ફાટવાથી ૩ લોકોના મોત થયા છે તથા રાહત અને બચાવકાર્ય એસડીઆરએફની ટીમ પણ લાગી છે.

એસડીઆરએફના ઈન્સ્પેક્ટર જગદંબા પ્રસાદે જણાવ્યું કે ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લાના માંડો ગામમાં ગઈ કાલે મોડી રાતે વાદળ ફાટવાની ઘટનામાં અત્યાર સુધીમાં ૩ લોકોના મોત થઈ ચૂક્યા છે. જ્યારે ચાર લોકો લાપત્તા છે. મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ બચાવ અને રાહ્ત કાર્યમાં તેજી લાવવાના આદેશ આપ્યા છે.

ભારતીય હવામાન ખાતાએ સોમવારે પશ્ચિમી ઉત્તર પ્રદેશના અનેક વિસ્તારોમાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરી છે. મુંબઈમાં રવિવારે હાલના ચોમાસા સીઝનનો બીજો સૌથી વધુ વરસાદ નોંધાયો.

દિલ્હી એનસીઆરમાં આજે સવારે થયેલા ભારે વરસાદના કારણે ગરમીથી રાહત મળી છે. ભારે વરસાદ બાદ અનેક વિસ્તારોમાં રસ્તા પાણીમાં ડૂબી ગયા છે. અનેક વિસ્તારોમાં ટ્રાફિક જામ થયો છે. આ કારણે જનજીવન ખોરવાયું છે.

## ઓપેક દેશોનો ક્રૂડનું ઉત્પાદન વધારવા નિર્ણય

### ઉત્પાદન ક્ષમતાને પ્રતિ દિવસ ૪ લાખ બેરલ લઈ જશે, ભારતની દૈનિક જરુરિયાતના ૪૪ ટકા જેટલું પ્રોડક્શન વધારાશે

નવી દિલ્હી, તા.૧૯

દેશમાં દરેક વ્યક્તિ આજકાલ પેટ્રોલ ડીઝલની આગ ઝરતી મોંઘવારીમાં બળી રહ્યો છે ત્યારે એક સારા સમાચાર મળી રહ્યા છે કે આગામી થોડા દિવસોમાં પેટ્રોલ ડીઝલના ભાવમાં ઘટાડો થઈ શકે છે. જોકે આ ઘટાડો સરકાર દ્વારા ટેક્સ ઘટાડાને આભારી નથી પરંતુ દુનિયામાં ક્રુડ ઓઈલ ઉત્પાદન કરતાં દેશોના એલિટ જૂથ ઓપેક પ્લસના એક નિર્ણયને આભારી છે. રવિવારે આ ગ્રુપની બેઠકમાં નક્કી કરવામાં આવ્યું છે માર્કેટની માગને પહોંચી વળવા માટે આગામી સમયમાં ઉત્પાદન વધારવામાં આવશે જેના કારણે ક્રુડ ઓઈલના વધતા ભાવ પર બ્રેક લાગશે જેની અસર પેટ્રોલ ડીઝલની રિટેલ પ્રાઈસ પર પણ સ્પષ્ટ પણે જોવા મળશે. આ ગ્રુપમાં રશિયા સહિતના ક્રુડ ઓઈલ ઉત્પાદક દેશોનો સમાવેશ થાય છે. જેમણે મીટિંગમાં નક્કી કર્યું છે કે

● અનુસંધાન પાન-૭ પર

## કેરળમાં ઈદની ઉજવણીને લઈ સુપ્રીમે પ્રતિબંધ ન લાદ્યો

### તહેવારોની ઉજવણીમાં ધ્યાન રાખવા સલાહ : રાજ્ય સરકારે બકરીઈદની ઉજવણી માટે ૩ દિવસ સુધી કોરોના પ્રતિબંધોમાં ઢીલ

નવી દિલ્હી, તા.૧૯

સુપ્રીમ કોર્ટે કેરળને રાહત આપી છે. સુપ્રીમ કોર્ટે કેરળમાં બકરીઈદની ઉજવણીને લઈ હાલ પૂરતો કોઈ પ્રતિબંધ નથી લગાવ્યો. સાથે જ કોઈ પણ પ્રકારનો આદેશ પણ નથી આપ્યો. આ કેસમાં આવતીકાલે ફરીથી સુનાવણી થશે.

સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, કોરોના સંક્રમણને ધ્યાનમાં રાખીને દરેક રાજયએ સજાગ રહેવું જોઈએ. જોકે કોર્ટે કોઈ પણ પ્રકારનો આદેશ નથી આપ્યો. હવે કેરળમાં આજે બકરીઈદને લઈ બજારો ખુલ્લા રહેશે. આ કેસમાં કોર્ટે રાજ્ય સરકારને જવાબ દાખલ કરાવવા આજના દિવસનો સમય આપ્યો છે.

ઉલ્લેખનીય છે કે, કેરળમાં કોરોનાના વધી રહેલા કેસ વચ્ચે રાજ્ય સરકારે બકરીઈદની ઉજવણી માટે ૩ દિવસ સુધી કોરોના પ્રતિબંધોમાં ઢીલ આપી હતી. રાજ્ય સરકારે ૧૮થી ૨૦ જુલાઈ સુધી કોરોના પ્રતિબંધોમાં ઢીલ આપી હતી અને ૨૧ જુલાઈના રોજ રાજયમાં બકરીઈદ ઉજવવામાં આવશે. રાજ્ય સરકારના આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો.

અરજીકર્તાના કહેવા પ્રમાણે કેરળમાં દરરોજ કોરોનાના ૧૦,૦૦૦ કેસ નોંધાઈ રહ્યા છે. યુપીમાં ૫૯ કેસ આવી રહ્યા છે. માટે કેરળ સરકારના આદેશ પર પ્રતિબંધ મુકાવો જોઈએ. જો કોર્ટ દ્વારા નોટિસ આપવામાં આવશે અને જવાબની રાહ જોવામાં આવશે તો આ સમય પૂરો થઈ જશે.

અરજીકર્તાના કહેવા પ્રમાણે આ ખૂબ ચોંકાવનારી વાત છે કે, રાજ્યમાં મેડિકલ ઈમરજન્સી છે અને રાજ્ય સરકાર લોકોના જીવ સાથે રમી રહી છે. આ ગંભીર પરિસ્થતિમાં કેરળ સરકાર લોકોની જિંદગી અને તેમના સ્વાસ્થ્ય સાથે રમત રમી રહી છે.

આભાર

સહકાર થી જ સમૃદ્ધિ



'સહકાર થી સમૃદ્ધિ'ના સપનાને સાકાર કરવા
તથા
દેશના સહકારી માળખાને મજબૂત કરવા
'સહકાર મંત્રાલય' શરૂ કરવા બદલ
માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો
ખૂબ ખૂબ આભાર

છેલ્લા ૨૦ વર્ષથી સહકારી ક્ષેત્રના શિલ્પી
માન. શ્રી અમિતભાઈ શાહને
દેશના સર્વ પ્રથમવાર બનતા સહકાર મંત્રાલયની
ધુરા સંભાળવા બદલ ખૂબ ખૂબ અભિનંદન

શ્રી જીગરભાઈ બી. દેસાઈ, વાઈસ ચેરમેન
શ્રી એમ. એલ. ચૌધરી, ચેરમેન
શ્રી એમ. બી. પટેલ, મેનેજીંગ ડીરેકટર
તથા બોર્ડ ઓફ ડીરેકટર્સ

બનાસ બેંક
Since 1959
આપણી બેંક બનાસ બેંક

શ્રી બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.
મુખ્ય કચેરી : "બનાસ ભવન" ડીસા હાઇવે, પાલનપુર-૩૮૫૦૦૧.
PBX (૦૨૭૪૨) ૨૬૧૩૦૫, ૨૬૧૧૪૨
Banasbank